જા.નં./મા-૨/મતદાર યાદી/૨૦૨૧
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત.
તા.૦૨/૧૨ /૨૦૨૧

ઉક્ત પત્રની જાણ તથા અમલવારી કરવા સારું.

(એ.જે.પીપલીયા)
વહીવટી અધિકારી,
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
સુરત, જિ. સુરત.

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જીલ્લાની તમામ પ્રાથમિક, માધ્યમિક, ઉ.મા. સરકારી, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાઓ તરફ,
જી.સુરત

**ELECTION IMMEDIATE**

"મજબૂત લોકશાહી
સૌની ભાગીદારી"

ફોન નંબર : ૦૨૬૧-૨૬૬૫૨૦૦
ફેકસ નંબર : ૦૨૬૧-૨૬૬૫૨૬૫
ઈ-મેઈલ : dydeosuratoffice@gmail.com

## કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી, સુરત

ચૂંટણી શાખા, પહેલો માળ, બી-બ્લોક, જીલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત-૩૯૫૦૦૧

નં.ચટણ-૩/મતય/ખાસ ઝુંબેશ/કામગીરી/૨૦૨૧ તા.૦૨/૧૨/૨૦૨૧

પ્રતિ,
(૧) ડેપ્યુટી કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત.
(૨) જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, જીલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત.
(૩) જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જીલ્લા પંચાયત, સુરત.
(૪) શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક સમિતી, સુરત.

**વિષય :** <u>મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૨ અંતર્ગત તા.૦૧/૧૨/૨૦૨૧ થી તા.૦૫/૧૨/૨૦૨૧ સુધી બી.એલ.ઓ. પાસે હાઉસ ટુ હાઉસ મુલાકાતની કામગીરી બાબત</u>

ઉપરોક્ત વિષયે જયભારત સહ જણાવવાનું કે, ભારતના ચૂંટણી પંચના તા.૦૩/૦૮/૨૦૨૧ ના પત્રથી તા.૦૧/૦૧/૨૦૨૨ ની લાયકાતની તારીખે મતદારયાદી સુધારણાનો કાર્યક્રમ ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલ હતો. જે મુજબ હકક-દાવાઓ અને વાંધા અરજીઓ સ્વીકારવાનો સમયગાળો તા.૦૧/૧૧/૨૦૨૧ થી તા.૩૦/૧૧/૨૦૨૧ સુધીનો નિયત કરવામાં આવેલ હતો.

ત્યારબાદ ભારતના ચૂંટણી પંચે તેઓના તા.૩૦/૧૧/૨૦૨૧ ના પત્રથી હકક-દાવાઓ અને વાંધા અરજીઓ સ્વીકારવાનો સમયગાળો તા.૦૧/૧૨/૨૦૨૧ થી તા.૦૫/૧૨/૨૦૨૧ સુધી લંબાવેલ છે અને બી.એલ.ઓ. દ્વારા પોતાના ભાગમાં જે કોઈ નાગરીકો ૧૮-૧૯ વયજૂથના કે તે સિવાયના વયજૂથના પણ મતદાર તરીકે નોંધણી કરાવેલ ન હોય તેવા નાગરીકો પાસે તેઓના ઘેર-ઘેર મુલાકાત લઈ આવા નાગરીકો મતદાર તરીકે નોંધાય તેમજ મૃત્યુ પામેલ મતદારોના યોગ્ય પુરાવાના આધારે નામ કમી કરી શકાય તે માટેના ઘનિષ્ઠ પ્રયત્નો કરવા જણાવેલ છે.

આ દિવસો દરમ્યાન બી.એલ.ઓ. દ્વારા પોતાના ભાગમાં જે કોઈ નાગરીકો ૧૮-૧૯ વયજૂથના કે તે સિવાયના વયજૂથના પણ મતદાર તરીકે નોંધણી કરાવેલ ન હોય તેવા નાગરીકો પાસે તેઓના ઘેર-ઘેર મુલાકાત લેશે અને તા.૦૫/૧૨/૨૦૨૧ ના દિવસે તમામ મતદાન મથક ઉપર બી.એલ.ઓ.ને બેસાડી હકક-દાવાઓ અને વાંધા અરજીઓ સ્વીકારવા અંગેનું આયોજન કરવામાં આવેલ છે.

સબબ આપના તાબા હેઠળના બી.એલ.ઓ.ની કામગીરી કરતા તમામ કર્મચારીઓને ઉપરોક્ત સુચનાઓનું ફરજીયાતપણે પાલન કરાવવા આપની કક્ષાએથી જરૂરી સુચના આપવા તથા તા.૦૫/૧૨/૨૦૨૧ ના રોજ સવારે ૧૦-૦૦ કલાક થી સાંજે ૫-૦૦ કલાક દરમ્યાન મતદાન મથક ધરાવતી તમામ શાળા/કચેરીઓ ખુલ્લી રાખવા સંબંધિતોને જાણ કરવા વિનંતી.

અધિક જીલ્લા ચૂંટણી અધિકારી
સુરત

**નકલ રવાના :**
(૧) મતદાર નોંધણી અધિકારીશ્રી(તમામ), જિ. સુરત તરફ
(૨) મદદનીશ મતદાર નોંધણી અધિકારીશ્રી(તમામ), જિ. સુરત તરફ